# સહારાની દરખાસ્તને સુપ્રિમે ફગાવી

નવી દિલ્હી,તા.૭

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે ત્રણ કારોબારી દિવસોમાં ૨૫૦૦ કરોડ રૂપિયા ચુકવવાની સહારાની દરખાસ્તને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ૨૫૦૦ કરોડ રૂપિયાના રોકડ ઈન્સ્ટોલમેન્ટમાં સેબીને સમગ્ર રકમ ત્રણ મહિનાના ગાળામાં ચુકવી દેવામાં આવશે તેવી દરખાસ્તને સુપ્રીમ કોર્ટે સ્વીકારી ન હતી. આ મામલામાં હવે વધુ સુનાવણી ૧૧મી માર્ચના દિવસે હાથ ધરવામાં આવશે. આનો મતલબ એ થયો કે, સહારાના વડા હજુ જેલમાં જ રહેશે. સહારાએ ત્રણ કારોબારી દિવસોમાં ૨૫૦૦ કરોડ રૂપિયા ચુકવવા અને ત્યારબાદ દરેક ત્રણ મહિનામાં હપ્તામાં બાકીની રકમ ચુકવવાની દરખાસ્ત તૈયાર કરી હતી. અગાઉ સહારાએ આજે સુપ્રીમ કોર્ટ સમક્ષ ખાતરી આપી હતી કે, તે આ મહિનામાં મૂડીરોકાણકારોને નાણા ચુકવવા માટે ૨૦૦૦૦ કરોડ રૂપિયા જમા કરાવશે અને બાકીની રકમ મોડેથી જમા કરાવશે. સહારાના વકીલોએ સુબ્રતા રોય માટે પોલીસ કસ્ટડીની માંગ કરી હતી. જ્યુડિશિયલકસ્ટડીમાં તેમની સાથે વાત કરવાની બાબત મુશ્કેલરુપ બની છે.

હાલમાં સહારાના વડા સુબ્રતા રોય તિહાર જેલમાં છે. ચોથી માર્ચના દિવસે રોયે સુપ્રીમ કોર્ટ દ્વારા દિલ્હીમાં એક સપ્તાહ સુધી કસ્ટડીમાં રાખવાનો આદેશ અપાયા હતા તેમની દલીલો કરી હતી. સુપ્રીમ કોર્ટે મૂડીરોકાણકારોના નાણા ફરી ચુકવવા અંગેની તેમની દરખાસ્ત અંગે નાખુશી વ્યક્ત કરી હતી. કંપની દ્વારા આ દરખાસ્ત રજૂ કરાઈ હતી. સહારાગ્રુપે રજૂઆત કરી હતી કે, સુબ્રતા રોય અન્ય બે ડિરેક્ટરોને રિફંડની રકમ ઉભી કરવા માટે કસ્ટડીમાંથી મુક્ત કરવા જોઈએ. સેબીએ સહારાની આ દરખાસ્તનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, ગ્રુપ ૧૭૦૦૦ કરોડ ચુકવવા માંગે છે પરંતુ કુલ બાકીની રકમ ૩૭૦૦૦ કરોડની છે. સહારા ગ્રુપના વડા સુબ્રતા રોયને ચોથી માર્ચના દિવસે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. સહારા ગ્રુપે કોર્ટના આદેશ બાદ સેબી સમક્ષ ૫૧૨૦ કરોડ જમા કરાવ્યા હતા. એવો દાવો પણ કરાયો હતો કે, તમામ રિફંડની રકમ જમા કરાવાઈ છે. ૨૦૦૦ કરોડ સીધી રીતે ચુકવવામાં આવ્યા છે. આગામી દિવસોમાં સહારાના વડાને હજુ નારાજગીનો સામનો કરવો પડી શકે છે.



## દિલ્હી : રાષ્ટ્રપતિ શાસન અંગે ભાજપ તેમજ કોંગ્રેસને નોટિસ

નવી દિલ્હી,તા.૭

સુપ્રીમ કોર્ટે આજેસાફ શબ્દોમાં કહ્યું હતું કે, દિલ્હી વિધાનસભા સુષુપ્ત અવસ્થામાં છે ત્યારે આવી સ્થિતિમાં કોંગ્રેસ અને ભાજપ પાસેથી અભિપ્રાયની માંગ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે સુષુપ્ત અવસ્થામાં દિલ્હી વિધાનસભાને રાખવા માટેના આદેશ અંગે તેમના અભિપ્રાય આપવા ભાજપ અને કોંગ્રેસને આજે નોટિસ આપી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, એક વર્ષ સુધી વિધાનસભાને સુષુપ્ત અવસ્થામાં રાખવાની બાબત ચિંતાજનક છે. કેન્દ્ર સરકારે ગઇકાલે સુપ્રીમ કોર્ટ સમક્ષ કહ્યું હતું કે, અરવિંદ કેજરીવાલના મુખ્યમંત્રી તરીકે રાજીનામા બાદ દિલ્હી વિધાનસભાને વિખેરી નહીં નાંખવાનો નિર્ણય કરાયો હતો. કારણ કે, પ્રવર્તમાન સ્થિતિ આની મંજુરી આપતી ન હતી. સરકારની રચના કરવા ભાજપ દાવો કરી શકશે તેવી આશા હતી. સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલી એફિડેવિટમાં ઘણી બધી રજૂઆત કરાઈ હતી. ગૃહને નહીં વિખેરવા બદલ સુપ્રીમ કોર્ટે જવાબ માંગ્યો હતો. કેન્દ્ર સરકારે રજૂઆત કરી છે કે, આટલા ટુંકાગાળાની અદર ચૂંટણી યોજવાની બાબત જાહેરહિતમાં નથી. દિલ્હીના ઉપરાજ્યપાલ દ્વારા પણ આવી જ રજૂઆત કરવામાં આવી છે. ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ચૂંટણી પરિપૂર્ણ થઇ હતી અને ૨૮મી ડિસેમ્બર ૨૦૧૩ના દિવસે સરકારની રચના કરવામાં આવી હતી. આ સંજોગોની અંદર ફરીથી ચૂંટણી યોજવાની બાબત યોગ્ય રહેશે નહીં. એફિડેવિટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, નવા સંજોગોમાં કોઈ નવી રાજકીય પાર્ટી અથવા તો ગઠબંધન સરકારની રચના કરવાનો દાવો કરે તે જરૂરી છે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, ઉપરાજ્યપાલ દ્વારા આપવામાં આવેલા કારણો બિલકુલ વાજબી છે. હજુ પણ ભાજપ દિલ્હીમાં સરકાર રચવાનો દાવો કરી શકે છે જેથી વિધાનસભાને વિખેરી નાંખવાની બાબત યોગ્ય રહેશે નહીં. દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાને પડકાર ફેંકીને એએપી દ્વારા અરજી દાખલ કરાઈ હતી.

## લોકસભા ચૂંટણીમાં એનડીએને ૨૧૨-૨૩૨ બેઠક મળી શકે છે

નવી દિલ્હી,તા.૭

લોકસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદથી નવા નવા સર્વે અને ઓપિનીયન પોલના પરિણામ આવી રહ્યા છે. હવે એક નવા સર્વેમાં દાવો જણાવવામાં આવ્યું છે કે જો હાલમાં ચૂંટણી યોજાય તો યુપીએ પાસેથી સત્તા આંચકીને એનડીએ સત્તાની નજીક પહોંચી શકે છે. આઈબીએન-૭ સીએસડીએસના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ભાજપ

| કોને કેટલી સીટ મળશે | |
|---|---|
| **પક્ષ-ગઠબંધન** | **બેઠકો** |
| એનડીએ | ૨૧૨-૨૩૨ |
| યુપીએ | ૧૧૯-૧૩૯ |
| એકલા ભાજપ | ૧૯૩-૨૧૩ |
| એકલા કોંગ્રેસ | ૯૪.૧૧૦ |
| તૃણમૂલ કોંગ્રેસ | ૨૦-૨૮ |
| ત્રીજા મોરચા | ૭૯-૮૫ |

કરવામાં આવ્યો છે કે લોકસભા ચૂંટણીમાં એનડીએને ૨૧૨થી ૨૩૨ વચ્ચેની બેઠકો મળી શકે છે જ્યારે યુપીએને ૧૧૯થી ૧૩૯ બેઠકો મળી શકે છે. સીએનએન-આઈબીએન માટે સીએસડીએસ દ્વારા કરવામાં આવેલા ચૂંટણી પહેલાના સર્વેમાં ૧૯૩થી ૨૧૩ બેઠક જીતી શકે છે. જ્યારે કોંગ્રેસને ૯૪થી ૧૧૦ બેઠકો મળવાની શકયતા છે. મમતા બેનર્જીના તૃણમૂલ કોંગ્રેસને ૨૦-૨૮ બેઠકો મળી શકે છે અને તે ત્રીજી સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવશે. ૨૦૦૯ લોકસભા ચૂંટણીની સરખામણીમાં કોંગ્રેસને ૧૦૦ બેઠકોનું નુકસાન થઈ શકે છે. જ્યારે ભાજપને આટલી જ બેઠકોનો ફાયદો થઈ શકે છે. છ રાજ્યોની ૧૩૮ લોકસભા બેઠક ઉપર કરવામાં



આવેલા આ સર્વેમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડશે. આ સર્વે મુજબ આમ આદમી પાર્ટીને માત્ર ૧-૫ બેઠક જ મળી શકે છે.

સીએસડીએસના સર્વેમાં દેશના વડાપ્રધાન કોણ બનશે તેને લઈને કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં દેશના ૩૧ ટકા લોકો નરેન્દ્ર મોદીની તરફેણ કરી રહ્યા છે. જ્યારે ૧૩ ટકા લોકો રાહુલ ગાંધી, ચાર ટકા લોકો સોનિયા ગાંધી, ચાર ટકા લોકો અરવિંદ કેજરીવાલ, ચાર ટકા લોકો માયાવતી, ત્રણ ટકા લોકો મનમોહનસિંહ અને બે ટકા લોકો નિતીશકુમારની તરફેણ કરે છે. સર્વેમાં જ્યારે લોકોને પ્રશ્ન કરવામાં આવ્યો કે રાહુલ અને નરેન્દ્ર મોદીમાંથી દેશના વડાપ્રધાન કોણ હોવા જોઈએ ત્યારે ૪૨ ટકા લોકોએ નરેન્દ્ર મોદીની તરફેણ કરી હતી. જ્યારે ૨૨ ટકા લોકોએ રાહુલ ગાંધીની તરફેણ કરી હતી. ત્રીજા મોરચાની રાજનીતિ કરી રહેલા નેતાઓ માટે સર્વેના પરિણામ નિરાશાજનક છઠે. જયલલિતા, માયાવતી, જગનમોહન રેડ્ડી, મમતા બેનર્જી, નિતીશકુમાર, નવીન પટનાયક એક છત્ર હેઠળ આવ્યા હોવા છતાં તેમની પાસે ૭૯-૮૫ બેઠક જ રહેશે. આવી સ્થિતિમાં ભાજપને સત્તાથી દૂર રાખવા માટે યુપીએ ત્રીજા મોરચાને ટેકો આપી દે તો પણ ત્રીજો મોરચો સરકાર બનાવી શકશે નહીં.

## નરેન્દ્ર મોદીની ૧૪ માર્ચની બિહાર રેલીને મોકૂફ કરાઈ

પટના,તા.૭

બિહારમાં સુરક્ષાદળોની ઉપલબ્ધતાને લઈને ચિંતા વધી જતાં ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને બિહારમાં ૧૪મી માર્ચની રેલીને મોકૂફ કરવાની ફરજ પડી છે. ૧૪મી માર્ચના દિવસે મોદી ગયામાં ચૂંટણી રેલીને સંબોધનાર હતા. સુરક્ષાદળોની પૂરતી ઉપલબ્ધતા નહીં હોવાનું કારણ આની પાછળ આપવામાં આવ્યું છે. મોદી અગાઉ બિહારમાં બે રેલી કરી ચૂક્યા છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે તેમની પસંદગી કરવામાં આવ્યા બાદ મોદીએ બિહારમાં ૨૭મી ઓક્ટોબરે અને બીજી ત્રીજી માર્ચના દિવસે રેલી યોજી હતી. મોદી હવે ૧૦મી માર્ચના દિવસે પૂરણિયામાં વધુ એક રેલી યોજનાર છે. અહીં ૨૪મી એપ્રિલના દિવસે ત્રીજા તબક્કામાં મતદાન યોજાશે. અગાઉ સુશીલ મોદીએ જાહેરાત કરી હતી કે મોદી ૨૪મી માર્ચના દિવસે શહરસામાં પણ ચૂંટણી સભાને સંબોધશે. જો કે આની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. ચૂંટણી પંચે તમામ માઓવાદીગ્રસ્ત વિસ્તારોમાં એક જ દિવસે એટલે કે પ્રથમ તબક્કામાં મતદાન યોજવાનો નિર્ણય કર્યો છે. બિહાર અને ઝારખંડમાં એક જ દિવસે મતદાન યોજાનાર છે. ગુરુવારના દિવસે રાજ્ય ભાજપના વડા મંગલ પાંડે જે છેલ્લા ઘણા દિવસથી ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદી અને રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતા નંદકિશોર યાદવની સાથે દિલ્હીમાં હતા. તેમને વાતચીત કરી હતી. આખરે આ રેલીને મોકૂફ કરવાનો નિર્ણય કરાયો છે. બિહારમાં ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૨૦મી માર્ચ છે. જ્યારે ચકાસણીની પ્રક્રિયા આગલા દિવસે હાથ ધરાશે. ઉમેદવારી ખેંચવાની છેલ્લી તારીખ ૨૪મી માર્ચ રાખવામાં આવી છે. ૧૦મી એપ્રિલના દિવસે પ્રથમ તબક્કામાં જે મત વિસ્તારમાં ચૂંટણી યોજાનાર છે તેમાં સસારામ (આર), કારાકટ, ઓરંગાબાદ, ગયા, નવાડા અને જમુઈનો સમાવેશ થાય છે. માઓવાદીઓ આ વિસ્તારમાં ખૂબ મોટાપાયે સક્રિય થયેલા છે. તમામ બાબતોને ધ્યાનમાં લઈને મોદીની ૧૪મી માર્ચની રેલી હવે મોકૂફ કરવામાં આવી છે. આનાથી ભાજપને ચોક્કસપણે આંશિક રીતે નુકસાન થઈ શકે છે.

## પ્રચારમાં મોંઘવારી, જોબ અને ભ્રષ્ટાચાર મુખ્ય મુદ્દાઓ

નવી દિલ્હી,તા.૭

લોકસભાની ચૂંટણીમાં એકબીજાને પછડાટ આપવા માટે જુદા જુદા રાજકીય પક્ષોએ તેમની રણનીતિ તૈયાર કરી લીધી છે. આ વખતે લોકસભાની ચૂંટણીમાં પ્રચાર દરમિયાન જે ચાવીરૂપ મુદ્દા સપાટી ઉપર આવી રહ્યા છે તેમાં ભાવવધારા, બેરોજગારી, ભ્રષ્ટાચાર, મોદી ફેક્ટર જેવી બાબતોનો સમાવેશ થાય છે. ચૂંટણી પ્રચાર દરમિયાન મોટાભાગના રાજકીય પક્ષો આ મુદ્દાઓ રજૂ કરીને હરીફ પક્ષોને મુશ્કેલીમાં મૂકવા પ્રયાસ કરી રહ્યા છે. ૧૯૯૬ બાદથી દરેક સરકાર ગઠબંધનમાં રચવામાં આવી છે પરંતુ આ વખતે કોંગ્રેસ અને ભાજપ બંને પાર્ટનરોની અછતથી ગ્રસ્ત છે. જો કે ભાજપને છેલ્લા થોડાક દિવસમાં આમા ફાયદો થયો છે. ચૂંટણી બાદ ગઠબંધનની શક્યતા પણ રહેલી છે પરંતુ કોંગ્રેસ અને ભાજપ માટે હાલથી જ પાકી ગણતરી સાથે આગળ વધવામાં આવે તે જરૂરી છે. ગઠબંધનના નેટવર્કને વધુ વિસ્તૃત કરીને સ્તતા સુધી પહોંચી શકાય છે તેમ માનવામાં આવે છે. ગઠબંધનને લઈને બંને પક્ષોએ તેમના દ્વાર ખુલ્લા રાખ્યા છે. ચૂંટણીમાં આ વખતે યુપીએની હાલત ખરાબ થઈ છે. આના માટે ભાવવધારા, ભ્રષ્ટાચાર અને મોંઘવારીને મુખ્ય રીતે જવાબદાર ગણવામાં આવે છે. ૨૦૦૯માં ફુગાવાને દૂર કરવાના વચન સાથે યુપીએ સત્તામાં આવી હતી પરંતુ મોંઘવારી આસમાને પહોંચી છે. ચારેબાજુ ભ્રષ્ટાચાર છે. તમામ જીવન જરૂરી ચીજવસ્તુઓના બિલ સતત વધી રહ્યા છે જેથી ગરીબ અને મધ્યમ વર્ગ દ્વારા ડિસેમ્બરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં યુપીએની વિરુદ્ધમાં મતદાન કરી ચૂક્યા છે. લોકોમાં નારાજગી પણ દેખાઈ રહી છે. બેરોજગારીને લઈને પણ લોકો ચિંતિત બનેલા છે. ૨૦૦૯-૧૪માં લોકોની વ્યાપક હકાલપટ્ટી થઈ હતી. ગ્રોથમાં પાંચ ટકાથી પણ વધુનો ઘટાડો થયો હતો. મેન્યુફેક્ચરીંગ, માઈનીંગની હાલત કફોડી હતી. કોલસા કાંડના મામલાએ હોબાળો મચાવી દીધો હતો. ઘણા પ્રોજેક્ટો અટવાયેલા છે. મૂડીરોકાણની ગતિ પણ ધીમી છે. આ ગાળા દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા સતત વધી રહી છે. મોદીની લહેરને લઈને પણ રાજકીય પક્ષોમાં ચિંતાનું મોજું ફળી વળ્યું છે. કોંગ્રેસની હાલત ખરાબ કરવામાં કોમનવેલ્થ ગેમ્સ, ટુજી કૌભાંડ, કોલસા કૌભાંડની ભૂમિકા રહી શકે છે. અણ્ણા હઝારેના લોકપાલ મામલે વિરોધને લને પણ કોંગ્રેસની પ્રતિષ્ઠા ખરડાઈ હતી.

## સમાચાર ઝલક

- ૬ રાજ્યોમાં લૂંટ કરતી ગેંગને જામનગર પોલીસે પકડી.
- અટારી રેલ્વે સ્ટેશન પરથી હથિયારો સાથે મુઝફ્ફરનગર ઉત્તરપ્રદેશનો રહેવાસી ઝડપાયો.
- શેરબજારમાં આજે પણ તેજી જળવાઇ.
- મેરઠમાં કાશ્મીરી વિદ્યાર્થીઓ ભારત-પાકિસ્તાન મેચ વખતે 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના નારા લગાવ્યા હતા.
- સુરતમાં ૨૦૦ આધારકાર્ડ કચરાપેટીમાંથી મળી આવ્યા.
- કચ્છમાં જાહેરનામાના ભંગ બદલ 'આમ આદમી પાર્ટી'ના કાર્યકરો સામે પોલીસ કેસ નોંધાયો.
- 'મહાત્મા ગાંધીની હત્યામાં આર.એસ.એસ. સંડોવાયેલ છે' રાહુલ ગાંધીના આ વિધાન સામે કેસ કરાશે.
- સહારા ગ્રુપની દરખાસ્ત સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી.
- પાકિસ્તાને તાલીબાન સાથે મંત્રણા કરી.
- યુક્રેન અને રશિયામાં દેખાવો ચાલુ.
- પાલનપુર-આબુ હાઇવે પર એ.ટી.એમ.માં ચોરીનો નિષ્ફળ પ્રયાસ.
- મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી લિખિત પુસ્તકનું રવિશંકર આજે વિમોચન કરશે.
- તા.૨૫મી માર્ચ સુધી આઇ.પી.એલ. મેચ ફિક્સીંગની સુનાવણી થશે.
- બનાસકાંઠામાં તબીબ પર થયેલ હુમલા બાબતે તબીબો હડતાળ પર, પોલીસ કાર્યવાહી ચાલુ.
- વડોદરામાં કોંગ્રેસ કાર્યાલય પર હોબાળો, મીડિયાને પણ પ્રવેશબંધી.
- આંધ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કિરણ રેડ્ડીએ નવો રાજકીય પક્ષ રચ્યો.
- શામળાજી નાકા પાસે બે કરોડની વેટ ચોરી પકડાઇ.
- પાલનપુરમાં નર્સિંગ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ખોરાકમાં ઝેરી અસર થઇ.
- બ્રિટનમાં ભારે વરસાદ થયા બાદ ભારે ગરમી પડવા લાગી.
- સૌરાષ્ટ્રમાં સોની બજારમાં કસ્ટમ ડ્યુટી અંગે હડતાળ.




નવી દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં વિદેશ મંત્રી સલમાન ખુરશીદ એસોસીએશન ઓફ સાઉથ ઈસ્ટ એશીયન નેશન્સના સભ્યોને મળ્યા હતા. આશીયાન ઈન્ડિયા ડાયલોગના આ કાર્યક્રમમાં તેઓએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

## કેજરીવાલે સરકારી આવાસ હજુ સુધીમાં ખાલી કર્યો નથી

નવી દિલ્હી,તા.૭

દિલ્હીના મુખ્યમંત્રીના ગાળા દરમિયાન અરવિંદ કેજરીવાલને જે આવાસની ફાળવણી કરવામાં આવી હતી તે આવાસ કેજરીવાલે હજુ સુધી ખાલી કર્યો નથી. સરકારી આવાસને લઈને હવે વિવાદ છેડાઈ ગયો છે. કેજરીવાલે ૧૪મી ફેબ્રુઆરીના દિવસે તેમને આવાસ ખાલી કરવા માટે નોટિસ જારી કરાઈ નથી. વિભાગને એવી દહેશત છે કે જો કેજરીવાલની પાર્ટી ફરી સત્તામાં આવશે તો સંબંધિત અધિકારીઓને હેરાન કરશે. આ મામલામાં કેજરીવાલ તરફથી પીડબલ્યુડીને કોઈ સૂચના આપવામાં આવી નથી. અલબત્ત આવા મામલામાં કોંગ્રેસ સરકારમાં મુખ્યમંત્રી રહી ચૂકેલા શિલા દિક્ષીત અને મંત્રીઓને નોટિસ આપવામાં આવી ચૂકી છે. નિયમો મુજબ પૂર્વ મુખ્યમંત્રી પોતાના સત્તાવાર નિવાસ સ્થાને ૧૫ દિવસ સુધી રહી શકે છે. હોદ્દા પરથી રાજીનામું આપી દીધા બાદ મહત્તમ છ મહિના સુધી તેઓ આવાસમાં રહી શકે છે પરંતુ આના માટે માર્કેટ રેટથી વધારે કિંમત ચૂકવવી પડે છે. કેજરીવાલ જો આ આવાસમાં રહે તો ૨.૫૮ લાખ પ્રતિ મહિને ભાડું આપવું પડશે. વિભાગે હાલમાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષીતને પણ નક્કી કરવામાં આવેલા સમય કરતા વધુ સમય સુધી આવાસમાં રહેવા માટે ૩.૨૫ લાખ રૂપિયાની રિકવરી નોટિસ મોકલી છે.

## ટોપ ૧૦૦ની યાદીમાં કોઈ ભારતીય યુનિવર્સિટી નથી

ચેન્નાઈ,તા.૭

ટાઈમ્સ હાયર એજ્યુકેશન વર્લ્ડ રેપ્યુટેશન રેન્કીંગની ટોપ ૧૦૦ની યાદીમાં ભારતની ૭૦૦ યુનિવર્સિટી અને ૩૫૫૩૯ કોલેજો પૈકી કોઈની પણ એન્ટ્રી થઈ શકી નથી. આનો મતલબ એ થયો કે શિક્ષણના ક્ષેત્રમાં ભારતીય સંસ્થાઓ ખૂબ પાછળ દેખાઈ રહી છે. ટોપ ૧૦૦ વૈશ્વિક સંસ્થાઓની યાદીમાં ભારતની કોઈપણ યુનિવર્સિટી નથી. ટોપમાં પ્રથમ સ્થાને હાર્ડવર્ડ યુનિવર્સિટી છે જે અમેરિકામાં આવેલી છે. રેન્કીંગમાં આ સંસ્થાએ પ્રથમ સ્થાન જાળવ્યું છે. શરૂઆતની ત્રણ ટોચની યુનિવર્સિટી અમેરિકાની છે જેમાં હાર્ડવર્ડ ઉપરાંત મેસ્સાચુસેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી અને સ્ટેનફોર્ડ યુનિવર્સિટનો સમાવેશ થાય છે. ત્યારબાદ બ્રિટનની કેબ્રીજ યુનિવર્સિટી અને બ્રિટનની ઓક્સફોર્ડ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાન મનમોહનસિંહની દષ્ટિએ ભારતની સંસ્થાઓ ખૂબ સારી રહેલી છે. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ (બેંગ્લોર) ભારતીય સંસ્થાઓમાં સૌથી ટોપ ઉપર છે. તે હવે ૨૦૦માં સ્થાન ઉપર છે. ગયા વર્ષે આ સંસ્થા ૧૩૦માં ક્રમે હતી. જ્યારે આઈઆઈટી મુંબઈ ૨૧૦-૨૨૦ના ગ્રૂપમાં છે. આવી જ રીતે આઈઆઈટી દિલ્હી અને આઈઆઈટી કાનપુર ૨૫૦થી નીચેના ગ્રૂપમાં છે. અમેરિકા સૌથી પ્રતિષ્ઠિત સ્થાન શિક્ષણના ક્ષેત્રમાં ધરાવે છે. ટોપ ૧૦૦ યુનિવર્સિટી અને સંસ્થાઓમાં અમેરિકાની ૪૫ સંસ્થાઓ છે. ત્યારબાદ બ્રિટનની ૧૦, જર્મનીની છ, જાપાન અને ઓસ્ટ્રેલિયાની પાંચ-પાંચ સંસ્થાઓ આવેલી છે. ભારત એક માત્ર બ્રિક દેશ છે જેની કોઈપણ સંસ્થા ટોપટેનમાં નથી.

## ડોલર સામે રૂપિયો ત્રણ માસની ઉંચી સપાટીએ

નવી દિલ્હી,તા.૭

ડોલર સામે રૂપિયો આજે ત્રણ મહિનાની ઉંચી સપાટીએપહોંચ્યો હતો. શેરબજારની સાથે સાથે રૂપિયામાં પણ રિકવરી અને તેજી જોવા મળી રહી છે. કારોબારના અંતે રૂપિયો ગુરુવારના દિવસે ૬૧.૧૧ની સપાટી સામે આજે ૬૧.૦૮ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો નવમી ડિસેમ્બર બાદથી મજબૂતબન્યો છે. આ સપ્તાહ દરમિયાન રૂપિોય ૧.૧ ટકા વધી ગયો છે જે છઠ્ઠી ડિસેમ્બરના દિવસે પુરા થયેલા સપ્તાહ બાદથી તેની સૌથી ઉંચી સપાટીએ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રૂપિયામાં તેજી હાલ યથાવત રીતે જારી રહે તેવી શક્યતા છે.

## સ્મિથ અને કાલિસની નિવૃત્તિ બાદ આફ્રિકન ટીમ સંકટમાં

જોહાનિસબર્ગ,તા. ૭

દક્ષિણ આફ્રિકન ક્રીકેટ ટીમ પણ હવે અનુભવ વગરના ખેલાડીઓથી ભરચક દેખાઈ રહી છે. સ્મિથ અને જેક કાલિસની નિવૃત્તિ બાદ આફ્રિકન ટીમની હાલત પણ હવે કફોડી બનેલી છે. જેક કાલિસ, સ્મિથ અને અન્ય ખેલાડીઓ નિવૃત્ત થયા બાદ હવે આફ્રિકન ટીમ પરિવર્તનના દોરમાંથી પસાર થઈ રહી છે. દક્ષિણ આફ્રિકાના સૌથી સફળ યુગનો અંત થઈ ગયો છે. ૨૦૧૩-૧૪ની સિઝનની શરૂઆત થાય તે પહેલા દક્ષિણ આફ્રિકન ટેસ્ટ ટીમે આઠ વર્ષમાં માત્ર એક જ શ્રેણી ગુમાવી હતી અને આ શ્રેણી ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામેની હતી. આફ્રિકાની ટીમ વિન્ડિઝ, ન્યુઝીલેન્ડ અને ઈંગ્લેન્ડમાં પહોંચી હતી પરંતુ ૧૪ ટેસ્ટ શ્રેણીમાં કોઈપણ ટેસ્ટ શ્રેણી ગુમાવી ન હતી. ઓસ્ટ્રેલિયાનો પણ એક વખતે સુવર્ણ યુગ હતો તે ગાળા દરમિયાન ઓસ્ટ્રેલિયા ૨૦૦૧-૨૦૦૫ વચ્ચે ૧૬ શ્રેણીમાં એક પણ શ્રેણી ગુમાવી ન હતી. આવી જ રીતે વિન્ડિઝે ૧૫ વર્ષ સુધી એકચક્રી શાસન ક્રિકેટમાં રાખીને તમામ રેકોર્ડ સર્જ્યા હતા. આવી જ રીતે ઓસ્ટ્રેલિયન ટીમે પણ નવા રેકોર્ડ કર્યા હતા.

વિન્ડિઝની ક્લાઈવ લોઈડની ટીમ અને દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલરની સરખામણી થવા લાગી હતી. સ્ટીવ વો અથવા રિકી પોન્ટિંગની ઓસ્ટ્રેલિયન ટીમ પણ ખુબ ઘાતક હતી પરંતુ હવે દક્ષિણ આફ્રિકાની તાકાત પણ ઘટી ગઈ છે. કારણ કે સ્ટાર ખેલાડીઓ રહ્યા નથી.